ગાંધીનગર સમાચાર

## સિવિલમાં દર્દીના પેટમાંથી સાડા છ કિલોની ગાંઠ નીકળી

### @ગાંધીનગર

● ત્રિદલ સંસ્થા દ્વારા સવારે ૯.૩૦ કલાકે સે-૨૩ શ્રી બ્રહ્માણી કૃપા હોલ ખાતે જાહેર અભિવાદનનો કાર્યક્રમ યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨, બલરામ મંદિર ખાતે લયબદ્ધ શ્વસન દ્વારા નિઃશુલ્કપણે સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન વાસ્તુ નિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૦૦ કલાકે સે-૧૨, ડૉ.આંબેડકર હોલ ખાતે સામુહિક પૂજા યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે દ્વાદશ જયોર્તિલીંગ કથા યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન હસમુખભાઈ જોષીના નિવાસસ્થાન તેમજ સોસાયટી ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે વીપીનભાઈ ઓઝાના નિવાસસ્થાન ૧૨, હરિધામ એંકલેવ, પ્રમુખ એલેગંસની સામે-રાયસણ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા નરેન્દ્રભાઈ જાની તરફથી સે-૨૧, વૈજનાથ મહાદેવ મંદિર ખાતે લઘુરૂદ્રનો કાર્યક્રમ યોજાશે.









### શહેરમાં જન્માષ્ટમીની ઉલ્લાસભેર ઉજવણી

કૃષ્ણ જન્મને લઈ કૃષ્ણ મંદિરો સહિત સોસાયટીઓ અને સેકટરોમાં પણ મોડી રાત સુધી કૃષ્ણ જન્મોત્સવની સાથે સાથે મટકી ફોડના કાર્યક્રમો યોજાયા હતા. જય કનૈયાલાલકીની ધુન સાથે આખું વાતાવરણ ભકિતમય બની ગયું હતું. રાસ ગરબા અને ભજનના કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. કુડાસણ સ્થિત કાનમ રેસીડેન્સી, તીર્થ રેસીડેન્સી-સરગાસણ, કુડાસણ ગામ તથા શ્રીનાથ હોમ્સ-કુડાસણ ખાતે કૃષ્ણજન્મોત્સવની ઉજવણીમાં નાના-મોટા-બાળકો સૌ ઉલ્લાસભેર જોડાયા હતા.

### વાતવાતમાં

● ગાંધીનગર હોસ્પિટલ ખાતે પાર્કિંગ, મેઈન્ટેનન્સ સહિતના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આ ટેન્ડર માટેના ફોર્મ ખરીદવા એજન્સીના સંચાલકો મોટી સંખ્યામાં આવે છે.

● ચિલોડા નજીક આવેલા ધણપ ગામે તબેલામાં કામ કરતા ૨૮ વર્ષીય યુવકને કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા યુવકને તાત્કાલિક ગાંધીનગર હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો હતો.

● શહેરના ઘ સાડા ચાર પાસે માર્ગ વચ્ચે ઝાડ પડતા વાહનચાલકોને ભારે પરેશાની ભોગવવી પડી હતી. શહેરના વાહનચાલકો વૃક્ષાની બાજુમાંથી વાહનો લઈને પસાર થઈ રહ્યા હતા પરંતુ વૃક્ષને હટાવવાની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરાઈ નહોતી.

## ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા જન્માષ્ટમી નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજ અને આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય ગાંધીનગર શાખા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સે-૨૧ ખાતે ૨૩મી રંગપૂર્ણ ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ સ્પર્ધામાં ૮૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ગૃપ-એ અને ગૃપ-બી એમ બે ગૃપ પાડવામાં આવ્યા હતા. ગૃપ એમાં પ્રથમ ક્રમાંકે નીસી ભાવસાર, દ્વિતિય ક્રમાંકે દક્ષ પરમાર, તૃતીય ક્રમાંકે યોગ એન. પરીખ વિજેતા બન્યા હતા તથા બી ગૃપમાં પ્રથમ ક્રમાંક નીશીકા ગુપ્તા, દ્વિતિય ક્રમાંકે રીયાગાંધી અને તૃતીય ક્રમાંકે આશી પરીખ વિજેતા બન્યા હતા. બંને ગૃપમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર બાળકોને ડી.એફ. શાહ અને રસિકભાઈ ગાંધી તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને ઉમાકાંત ભાવસાર તથા સંસ્થા તરફથી ઈનામ વિતરણ કરાયા હતા.

આ ચિત્ર સ્પર્ધામાં તમામ બાળકને જયેશભાઈ પરીખ, કીરીટ સોની તથા સુમનબેન શાહ દ્વારા નાસ્તાના પેકેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે વૈશાલીબેન રાજન બાબરીયા, હર્ષદભાઈ ગાંધી, ચંદ્રકાંત અડાલજા, જીગર પરીખ અને કિરીટભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા.

### અડાલજ કેનાલમાંથી બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સરખેજ હાઈવે પર અડાલજ પાસે આવેલી વોટરસાઈડ હોલની બાજુમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં બિનવારસી યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યા યુવાનનો મૃતદેહ કેનાલમાંથી મળતા અડાલજ પોલીસને કેનાલ સિકયુરીટી ગાર્ડે જાણ કરી હતી. અડાલજ પોલીસે મૃતદેહ બહાર કાઢીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ મોકલી વધુ તપાસ શરુ કરી છે.

## લુંટ, ધાડનાં ગુનાનો રીઢો આરોપી આખરે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર રેન્જ આઈજીપી મનોજ શશીધરની સુચનાથી તેમની આર.આર. સેલ વોન્ટેડ આરોપીઓ પકડવા સક્રીય થઈ છે ત્યારે પીએસઆઈ વી.યુ. ગડરીયા



તથા તેમની ટીમે ચિલોડા સર્કલ નજીકથી ચોરી, લુંટ અને ધાડ જેવા ગંભીર ગુનાઓમાં રીઢા થઈ ગયેલા એક વોન્ટેડ આરોપીને દબોચી લીધો હતો. ભરૂચ, મકરપુરા, વડોદરા, ઉમરા, બાયોદ, ઉધના, બોરસદ સહિતના જુદા જુદા જિલ્લામાં ચોરી, લુંટ, ધાડ સહિતના ગુનાઓ આચરનાર અને વર્ષોથી નાસતો ફરતો રીઢો શખ્સ મદાનસિંઘ ઉર્ફે હરજીતસિંઘ ચરણસિંઘ દુદાણી (રહે. આજવા રોડ, વડોદરા)ને પીએસઆઈ વી.યુ. ગડરીયાએ પકડી પાડી આગળની કાર્યવાહી માટે ચિલોડા પોલીસને સોંપ્યો છે.

### રવિવારે વાવોલ ખાતે સર્વ રોગ નિદાન-સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

હેપ્પી યુથ કલબ દ્વારા સરકારી આર્યુવેદિક હોસ્પિટલના સહકારથી વાવોલ ખાતે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સર્વરોગ નિદાન સારવાર કેમ્પ તા. ૨૮મી ઓગષ્ટ રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન એમ.બી. પટેલ હાઈસ્કુલ ખાતે યોજાશે.

સર્વ રોગ નિદાન કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાન તથા જરૂર લાગે તો સારવારની સુવિધા આપવામાં આવશે. કેમ્પમાં પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, સાંધના દુઃખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીશ, સ્થૂળતા, કાન-નાક-ગળા આંખ અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા સહિતના તમામ રોગો અંગે નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે તેમજ જયાં જરુર લાગશે ત્યાં દવાઓ પણ આપવામાં આવશ. આ તેમ્પનો લાભ લેવા વાવોલ તથા તેની આસપાસના વિસ્તારના રહીશોને હેપ્પી યુથ કલબ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.




શ્રી કૃપા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે દર્દીઓને ફળો અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં પ્રમુખ છાયાબેન, ઉપપ્રમુખ ભારતીબેન, સૅક્રેટરી રવિભાઈ દવે તથા 'હૅપ્પી હોમ' ગૃપના સભ્યો જોડાયા હતા.

## ધોળેશ્વર પાસે ૧૭ વર્ષનો કિશોર ડુબી ગયો

**સિકયુરીટી ગાર્ડનો દિકરો મિત્રો સાથે જન્માષ્ટમીની સાંજે નદીમાં ન્હાવા ગયો હતો : નદીના ખાડામાં ગરકાવ થઈ જતા મોતને ભેટયો : બીજે દિવસે મૃતદેહ મળ્યો**

ગાંધીનગર, તા.૨૬

શહેરને અડીને આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર પાછળથી પસાર થતી સાબરમતી નદીમાં ગઈ સાંજે સે-૨૮માંથી એક કિશોર તથા તેના મિત્રો ન્હાવા પડયા હતા. ૧૭ વર્ષીય કિશોર નદીન પાણીમાં અચાનક ગરકાવ થઈ જતાં ડુબી જવાથી તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. ફાયરબ્રિગેડ દ્વારા ડુબી ગયેલા કિશોરની નદીમાં શોધખોળ કરવામાં આવી હતી. જો કે આજે બીજે દિવસે તેનો મૃતદેહ મળ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૨૮ જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૧૦૦૪/૧ ખાતે રહેતા દેવનારાયણ સરજો હ્યુન્ડાઈ કંપનીના શો રૂમમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેમનો ૧૭ વર્ષનો દિકરો સંદિપ ગઈ કાલે જન્માષ્ટમીની સમી સાંજે તેના ભાઈ તથા મિત્રો સાથે ધોળેશ્વર મહાદેવ પાછળથી પસાર થતી સાબરમતી



નદીમાં ન્હાવા પડયો હતો. ખાડામાં તેનો પગ લપસી જતા નદીનાં પાણીમાં તે ગરકાવ થઈ ગયો હતો અને સંદિપની ગઈ સાંજથી નદીના પાણીમાં શોધખોળ હાથ ધરાઈ હતી. આજે બીજે દિવસે સંદિપનો તરતો મૃતદેહ નદીના પાણીમાંથી મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસ મથકના જમાદાર વિરેન્દ્રસિંહે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ માટે મોકલી ગુનાની ઉંડી તપાસ આરંભી છે.












શ્રાવણ માસનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. શહેરના મંદિરોમાં ભાવિકોની ભીડ જોવા મળી રહી છે. સે-૨૧ વૈજનાથ મહાદેવ મંદિર, કોટેશ્વર મહાદેવ મંદિર તથા સે-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિરે વિવિધ સાજ શણગાર સાથે ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થયું છે.

## સિવિલમાં દર્દીના પેટમાંથી સાડા છ કિલોની ગાંઠ નીકળી

**સર્જન ડો. પ્રણવ પટેલ અને ડો. વિશાલ પરમારની ટીમે સફળ ઓપરેશન કર્યું**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા સર્જન ડોકટરની ટીમ દ્વારા એક મહિલાના શરીરમાંથી ઓપરેશન કરીને અંદાજે સાડા છ કિલોની ગાંઠ બહાર કાઢીને તેણીને નવજીવન બક્ષ્યું હતું. આ મહિલા છેલ્લા ઘણા સમયથી ગાંઠના દર્દથી પિડાઈ રહી હતી પરંતુ દવા લઈને રાહત મેળવી રહી હતી. મહિલાના પેટમાંથી ગાંઠ નીકળતા દર્દીને રાહત થવા પામી છે.

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં રોજના હજ્જારો કણસી રહેલા વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટીસંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. ગાંધીનગર હોસ્પિટલ લાભાર્થીઓ માટે આશિર્વાદ રુપ સાબિત થઈ છે. કપડવંજ તાલુકાના કાવડ ગામના રઝીયાબીબી પઠાણ પેટમાં સતત દુખાવાની ફરીયાદ કરતા



હતા. રઝીયાબીબીએ સ્થાનિક મથકે દવા લઈને સારવાર મેળવતા



હતા પરંતુ તેમને ફરી આંતરે દિવસે દુખાવો થતો હતો. તેઓ વધુ સારવાર કરાવતા રઝીયાબીબીને અંડાશયમાં ગાંઠ હોવાનું માલુમ પડ્યું હતું. છેલ્લા સાત વર્ષથી દવા લઈને રાહત મેળવતા હતા. પરંતુ માત્ર ઓપરેશન જ ઈલાજ હોવાથી તેઓ ગાંધીનગર હોસ્પિટલ ખાતે આવ્યા હતા. જયાં હોસ્પિટલના સર્જન ડો. પ્રણવ પટેલ અને ડો. વિશાલ પરમાર, એનેસ્થેસીયા ડો.ભારતીબેન રામાણી, ઓટી આસીટન્ટ ચંદ્રેશ રાઠોડ તેમજ ટીમ દ્વારા તાજેતરમાં સફળતા પૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું અને અંડાશયમાંથી અંદાજે સાડા છ કિલોની ગાંઠ બહાર નીકાળીને દર્દીને રાહત અપાવી હતી. દર્દી છેલ્લા સાત વર્ષથી દવા ખાઈને રાહત મેળવતા હતા. આ ગાંઠને પગલે દર્દીને કેન્સર પણ થઈ શકે તેવી શકયતાઓ સેવાઈ રહી હતી.



સેકટર-૩-ડી નવરાત્રી ચોક ખાતે જન્માષ્ટમી મહોત્સવી ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યુવક મિત્ર મંડળ દ્વારા દહીં હાંડી, ૫૦૦ દિવડાની મહાઆરતી અને રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ચિરવિદાય

- સ્વ. અમરાજી કનુજી ઠાકોર, ઉ.વ. ૨૭
- સ્વ. રમેશભાઈ ગાંડાભાઈ ચૌહાણ, ઉ.વ. ૩૫
- સ્વ. મંગુબેન વરવાજી ઠાકોર, ઉ.વ. ૯૫
- સ્વ. સંદીપકુમાર દેવનારાયણ સરોજ, ઉ.વ. ૧૭